NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2016

# GUJARATI SECOND ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours 100 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 9 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and to present your work neatly.

---

IEB Copyright © 2016

## SECTION A

**પ્રશ્ન–૧  નીચે આપેલો ગદ્ય વાંચી પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.**

૪૧

“વિશ્વયુદ્ધ પુરજોશમાં ચાલતું હતું. ઇંગ્લૅન્ડની પ્રજા જીવ પર આવીને યુદ્ધ લડતી હતી, છતાં કોઈ કોઈ મોરચા પર દુશ્મનોના વિજયને કારણે એની તાકાત તૂટતી જતી હતી, પણ એનો જુસ્સો અણનમ હતો.

“આવા યુદ્ધ વખતે જાતજાતની અફવાઓ ફેલાતી રહે છે. અફવાઓ સાંભળીને નાગરિકોના જીવ અધ્ધર થઈ જાય છે. ઘણી વાર તો દુશ્મનના લશ્કર કરતાંય અફવાઓ વધુ વિનાશકારી સાબિત થાય છે. આ મહાયુદ્ધમાં ઇંગ્લૅન્ડમાં એક અફવા ફેલાઈ : ‘કેરોસીનની તંગી છે — તંગી છે. હવે જરૂરિયાત જેટલું પણ કેરોસીન મળી શકશે નહિ.’ એ વખતે ઇંગ્લૅન્ડમાં રોજિંદા જીવનમાં કેરોસીનનો બહોળો ઉપયોગ થતો હતો. ગરીબ લોકો કેરોસીનનો ઉપયોગ એક ખાસ પ્રકારનો સ્ટવ સળગાવવામાં કરતાં હતાં.



“કેરોસીનની તંગીની વાત સાંભળીને લોકો— ખાસ કરીને સ્ત્રીઓ અને વૃદ્ધો ફિકરમાં પડી ગયાં : ‘હવે શું કરીશું ?’

“એ સમયે ઇંગ્લૅન્ડમાં આવેલા સસેક્સ નામના એક નાનકડા પરગણામાં ૯૧ વર્ષની એક વૃદ્ધા કરિયાણાની નાની એવી દુકાન ચલાવે. એનું નામ હતું માર્ગારેટ. એના બે જુવાન પુત્રો યુદ્ધમાં લડવા ગયા હતા. પોતાના દેશને વિજય મળે એ માટે આ વૃદ્ધા રોજ પ્રાર્થના કરતી હતી.

IEB Copyright © 2016

કેરોસીનની તંગીની અફવા સાંભળીને એ વૃદ્ધા ખૂબ દુઃખી થઈ. 'આવા કપરા સમયમાં ઇંગ્લેન્ડની પ્રજા જો ધીરજ ખોઈ બેસશે, તો રાષ્ટ્રનું શું થશે ?' એવી એને ચિંતા થઈ અને ઘનઘોર અંધારી રાતે સૂતરફેણી જેવા સફેદ વાળવાળી, કમ્મરેથી ઝૂકી ગયેલી ૯૧ વર્ષની એ વૃદ્ધા એક હાથમાં ફાનસ અને એક હાથમાં લાકડી ઝાલી ઘરની બહાર નીકળી પડી. એના કરચલીવાળા ચહેરા પર પોતાના રાષ્ટ્ર પ્રત્યેનો અપૂર્વ પ્રેમ ઝળકતો હતો, એની નિસ્તેજ થતી જતી આંખોમાં અખૂટ ધીરજ વરતાતી હતી. એના વૃદ્ધાવસ્થાથી ધ્રૂજતા પગ આજે મક્કમ ડગલાં ભરી રહ્યા હતા. એ ઘેરઘેર ફરીને લોકોને સમજાવવા લાગી : 'મારા વહાલા દેશવાસીઓ, કેરોસીનની અફવાથી ગભરાશો નહિ. આપણે સંકટો વેઠીનેય આપણા દેશને જિતાડવાનો છે. તમે કોઈ મૂંઝાશો નહિ. કેરોસીનનો જથ્થો પૂરતો છે. ગભરાટના માર્યા સંઘરાખોરી કરશો નહિ. તમારી જરૂરિયાત જેટલું કેરોસીન મારી દુકાનેથી સૌને કન્ટ્રોલભાવે આપવાની હું ખાતરી આપું છું.'

"માર્ગારેટની આવી વાત સાંભળીને સૌને શાંતિ થઈ. માર્ગારેટે પોતાનું વચન પાળ્યું. પોતાની પાસેના કેરોસીનના જથ્થાનો વધુ ભાવ ઉપજાવવાનો તેને વિચાર સરખોય આવ્યો નહિ. એણે એ કેરોસીન દરેકને કન્ટ્રોલભાવે પહોંચાડ્યું.

"જે દેશના નાગરિકોમાં આવી ઊંડી દેશદાઝ હોય એ દેશ કદી હારે ખરો ? આથી જ બીજા વિશ્વયુદ્ધમાં ઇંગ્લેન્ડનો વિજય થયો. ચર્ચીલે માર્ગારેટને શા માટે માનપૂર્વક યાદ કરી હતી એ તમને હવે સમજાયું ને ?

"મિત્રો, તમે પણ આવાં દૃષ્ટાંતોમાંથી પ્રેરણા મેળવજો અને આવા કોઈ પણ સંકટના સમયે આપણા રાષ્ટ્રની પડખે ઊભા રહેવાનો સંકલ્પ કરજો."

મહેમાને વ્યાખ્યાન પૂરું કર્યું. તાળીઓના ગડગડાટથી હૉલ ગાજી ઊઠ્યો.

[ગુજરાતી વાચનમાળા ધોરણ ૬ Government of India: 1981]

**અઘરાં શબ્દો:**

| | |
|---|---|
| નાગરિક = સીટીઝન | તંગી = અછત, ખોટ |
| બહોળો = વધારે | ફિકર = ચિંતા |
| પરગણા = તાલુકો | કરિયાણા = મસાલા, તેજાના |
| ઘનઘોર = ગીચ, ગાઢું | અપૂર્વ = પહેલા ન બન્યુ હોય એવું |
| નિસ્તેજ = ઝાંખું. ફિક્કું | કન્ટ્રોલભાવ = સરકાર માન્ય ભાવ |
| મક્કમ = સ્થિર | સંઘરાખોરી = ભેગું કરી રાખનાર |

૧.૧ યુદ્ધ વખતે ઈગ્લેંડમાં શું અફવા ફેલાઇ ? (3)

૧.૨ લોકો પર અફવાની શી અસર થઇ ? (2)

૧.૩ લોકો કેરોસીનનો ઉપયોગ શેમાં કરતા હતાં ? (2)

૧.૪ માર્ગારેટ ક્યાં રહેતી હતી ? કેટલા વર્ષની હતી ? (3)

૧.૫ એ ઘેર ઘેર ફરીને લોકોને શું સમજાવવા લાગી ? (4)

૧.૬ ચર્ચીલે વિજય બાદ માર્ગારેટને શા માટે યાદ કરી ? (3)

૧.૭ નીચેનાં કથન માટે યોગ્ય વાક્ય પસંદ કરી સાચો જવાબ આપો.

વૃદ્ધ માર્ગારેટ ખૂબ જ દુ:ખી થઇ, કારણકે...

૧.૭.૧ એણે કેરોસીનની તંગીની અફવા સાંભળી.
૧.૭.૨ એણે એના પુત્રોને યુદ્ધમા઼ લડવા મોકલવા પડયા.
૧.૭.૩ યુદ્ધમાં ઇગ્લેંડની તાકાત તૂટવા માંડી હતી. (3)

**[20]**

**પ્રશ્ન– ૨**

૨.૧ નીચે આપેલા શબ્દોના યોગ્ય સમાનાર્થી અર્થ શોધી લખો.

| | | | | |
|---|---|---|---|---|
| ૨.૧.૧ | આફત | નવી | મુશ્કેલી | દયા |
| ૨.૧.૨ | ભયંકર | ડરામણું | મોટું | જૂનું |
| ૨.૧.૩ | વ્યાખ્યાન | પ્રાર્થના | પ્રવચન | ભજન |

(3)

૨.૨ નીચે આપેલા શબ્દોના યોગ્ય વિરોધી અર્થ શોધી લખો.

| | | | | |
|---|---|---|---|---|
| ૨.૨.૧ | કાયર | બહાદુર | સાચું | ખોટું |
| ૨.૨.૨ | છત | છાતી | અછત | પછાત |
| ૨.૨.૩ | તેજસ્વી | નિસ્તેજ | જાડું | મોટું |

(3)

IEB Copyright © 2016

૨.૩ નીચે આપેલા વાકયોમાં ક્રિયાપદનું યોગ્ય રૂપ બનાવી લખો.

જેમ કે – ગાંગુલીએ બોલને ફટકો ... (મારવું)
જવાબ : માર્યો

૨.૩.૧ આ મહાયુદ્ધમાં ઇંગ્લેંડમાં અફવા ... (ફેલાવું)

૨.૩.૨ મારી દુકાનેથી સૌને કન્ટ્રોલભાવે કેરોસીન આપવાની ખાતરી ... (આપવું)

૨.૩.૩ એણે એ કેરોસીન દરેકને કન્ટ્રોલભાવે ... (પહોંચાડવું)

૨.૩.૪ બીજા વિશ્વયુદ્ધમાં ઇંગ્લેંડનો વિજય ... (થવું) (4)

૨.૪ નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ શોધીને <u>ખાલી જગ્યા પૂરો.</u>

(વિજય, જીવ, કરિયાણાની, કન્ટ્રોલભાવે)

૨.૪.૧ ૯૧ વર્ષની એક વૃદ્ધા ... નાની એવી દુકાન ચલાવે.
૨.૪.૨ પોતાના દેશને ... મળે એ માટે આ વૃદ્ધા રોજ પ્રાર્થના કરતી હતી.
૨.૪.૩ અફવાઓ સાંભળીને નાગરિકોના ... અધ્ધર થઇ જાય છે.

૨.૪.૪ માર્ગારિટે એ કેરોસીન દરેકને ... પહોંચાડયું. (4)

૨.૫ નીચે આપેલા વાક્યોમાં યોગ્ય <u>વિશેષણ</u> શોધી લખો.

૨.૫.૧ માર્ગારિટના કરચલીવાળા ચહેરા પર રાષ્ટ્ર પ્રત્યેનો અપૂર્વ પ્રેમ ઝળકતો હતો.

૨.૫.૨ વૃદ્ધાવસ્થાથી ધ્રૂજતા પગ આજે મક્કમ ડગ ભરી રહયા હતા.

૨.૫.૩ જે દેશના નાગરિકોમાં ઊંડી દેશદાઝ હોય એ દેશ કદી હારે ખરો ? (3)

IEB Copyright © 2016 

૨.૬ નીચે આપેલા વાક્યો કયા કાળના છે તે કહો.

ઉ.ત. આપણે દિવાળીમાં મળીશું.જવાબઃ ભવિષ્યકાળ

૨.૬.૧ બીજા વિશ્વયુદ્ધમાં ઇંગ્લેંડનો વિજય થયો.

૨.૬.૨ અફવા સાંભળીને વૃદ્ધા ખૂબ દુઃખી થઈ.

૨.૬.૩ ઈંગ્લેંડની પ્રજા જો ધીરજ ખોઈ બેસશે તો રાષ્ટ્રનું શું થશે ? (3)

૨.૭ નીચે આપેલ જોડકા યોગ્ય રીતે જોડો.

| | અ. | બ. |
|---|---|---|
| ૨.૭.૧ | સંઘરો કરવો તે | અખૂટ |
| ૨.૭.૨ | ખૂટે નહિ એવી | અજોડ |
| ૨.૭.૩ | જેની જોડ નથી એવું | દગાખોરી |
| ૨.૭.૪ | પૂર્વે– પહેલા નહિ એવું | અપૂર્વ |
| ૨.૭.૫ | દગો કરવો તે | સંઘરાખોરી |

(10)
**[30]**

IEB Copyright © 2016

૨.૮ ચિત્ર વર્ણનઃ નીચે આપેલા ચિત્રને જોઈ પ્રશ્નોના જવાબ લખો.



૨.૮.૧ આ ચિત્ર શેનું છે ? (3)

૨.૮.૨ ચિત્રમાં બાળકો શું કરે છે ? (3)

૨.૮.૩ આ ચિત્રમાં બાળકો ક્યાં બેઠાં છે ? (3)

૨.૮.૪ નીચેનું વાક્ય સાચું છે કે ખોટું તે જણાવો.

આપેલ ચિત્રમાં બાળકો સિનેમા હોલમાં બેઠાં છે. (1)

**[10]**

**60 marks**

## SECTION B

**પ્રશ્ન–૩ નીચે આપેલ પદ્યો પરથી કોઈપણ પાંચ પ્રશ્નોના ઉત્તર લખો.**

૩.૧ ફૂલડાંને ચાર ચાર પાંખડી રે લોલ
પાંખડીએ દેવ તણો વાસ જો..
ઉગમણી એક ખીલી પાંખડી રે લોલ..
ચાંદા સૂરજના એમાં વાસ જો
આથમણી એક બીજી પાંખડી રે લોલ..
સંધ્યાના આછા ઉજાસ જો..

૩.૨ હું તો એનું રોજ સાંભળું ગંધ સુગંધી ગાણું;
ફલડાંને પણ મારી પેઠે ભાવ ફૂટે મદમાળા.
મા! તું સમજી ! તેથી એ જગ કંઠે સરજે માળા,
મા! તું જાણે શાને પેલા મૂંગા ઊભા પહાડો ?
શાને ત્યાંથી ડગલું યે ના ખસે કદી કો દહાડો ?
મા! હું એનું કારણ જાણું; એ સૌ માનીને ય પિછાણું.

૩.૩ રે પંખીડાં! સુખથી ચણજો,
ગીત વા કાંઈ ગાજો;
શાને આવાં,મુજથી ડરીને,ખેલ છોડી ઊડો છો ?
પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું;
ના ના કો'દી તમ શરીરને કાંઈ હાનિ કરું હું.

૩.૧.૧ ચાંદા સુરજના વાસ કયાં છે ? (3)

૩.૧.૨ ફૂલને કેટલી પાંખડી છે ? તેમાં કોનો વાસ છે ? (3)

૩.૨.૧ વાડીમાં ફૂલો શા માટે ખીલે છે ? એમને મા– ઘેલાં કેમ કહ્યાં છે ? (3)

૩.૨.૨ પહાડો શા માટે મૂંગા ઊભા રહ્યા છે ? એમને 'માની' શા માટે કહ્યાં છે ? (3)

૩.૩.૧ ના ના કો'દી તમ શરીરને કાંઇ હાનિ કરું હું.. આ પંક્તિ સમજાવો. (3)

૩.૩.૨ આ કાવ્યમાં કવિ આપણને શો બોધ આપે છે ? (3)

**[15]**

**પ્રશ્ન– ૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. ( કોઇ પણ પાંચ )**

૪.૧ ઝૂંપડીમાં બાઈ શું રાંધી રહી હતી ? શા માટે ? (3)

૪.૨ ખલીફાએ ઝૂંપડીમાં આવી શું કર્યું ? (3)

૪.૩ બાઈ દુઆ દેતી શું બોલી ? (3)

૪.૪ ઘોડો થંભાવી રાજાએ ખેડૂતને શું પૂછ્યું ? (3)

૪.૫ ખેડૂતે તેનો શો જવાબ આપ્યો ? (3)

૪.૬ તાઓએ કઈ રીતે બધાના દિલ જીતીલીધા ? (3)

૪.૭ બૌદ્ધ ભિક્ષુઓ શહેરમાં શા માટે આવ્યા હતા ? (3)

**[15]**

**પ્રશ્ન– ૫. ફિલ્મ રીવ્યુ**

**"તારે ઝમીન પર "બોલીવુડ ફિલ્મ માટેનો રીવ્યુ તમારા શબ્દોમાં દસ થી પંદર લીટીઓમાં લખી જણાવો.**

**[10]**

**40 marks**

**Total: 100 marks**

IEB Copyright © 2016